ફો.કે.નં.૨૧૯/૨૦૨૬

ફરીયાદી : શ્રી સરકાર.

વિરૂધ્ધ.

આરોપીઓ : અબુબકર સ/ઓ સોકતઅલી કરામુલ્લાહ પઠાણ

ગુન્હો:- બી.એન.એસ.ની કલમ ૩૯૨, ૩૯૭,૧૧૪ મુજબ

-:: કમીટલ હુકમ ::-

(૧) વસો પો.સ્ટેના પોલીસ ઈન્સ્પેકટરે આરોપી વિરૂધ્ધનું ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે. પોલીસ તપાસના કાગળો વંચાણે લેતાં આરોપી સામેનો ગુન્હો નામ. સેશન્સ અદાલતની હકુમતનો હોવાનું પ્રથમ દર્શનીય જણાય છે જેથી આ અદાલતને સદરહુ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સતા ન હોય નામદાર સેશન્સ અદાલતમાં આ કાર્યવાહી ચાલે તેમ હું માનું છું અને તેથી હાલનો આ ફોજદારી કેસ બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૨ હેઠળ નામદાર સેશન્સ કોર્ટમાં કમીટ કરવાનો હુકમ કરવામા આવેલ છે.

-: : હુ ક મ : :-

(૧) બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૨ હેઠળ આ કેસ નામ. સેશન્સ કોર્ટ, નડીયાદ ખાતે કમીટ કરવામાંઆવે છે.

(૨) આ કેસનો તમામ મુદ્દામાલ તથા તેને લગતા કાગળો નામ. સેશન્સ અદાલતમાં મોકલી આપવા.

(૩) આ કેસ કમીટ કર્યાની જાણ જિલ્લા સરકારી વકીલશ્રીને કરવી.

(૪) આરોપી જામીનમુકત હોય, આરોપીને **તા.૩૦/૦૪/૨૦૨૬** રોજ કલાક ૧૦.૩૦ વાગ્યે નામ.સેશન્સ અદાલત,નડીયાદ સમક્ષ હાજર રહેવા અંગેની સમજ આપી તેઓની પુરસીસ લેવામાં આવેલ છે.

(૫) આજ તારીખ : ૦૧-૦૪-૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં હુકમ જાહેર કર્યો.

વસો
તા. ૦૧-૦૪-૨૦૨૬

(એસ.એસ.ત્રિવેદી)
કોડ નં.જી.જે.૦૧૪૨૫
જયુડી.મેજી.ફ.ક.
વસો જિ.ખેડા